**ફોજદારી પરચુરણ અરજી નંબર ૨૦૦/૨૦૨૬**

**ફોજદારી કેસ નંબર ૭૩૭૮/૨૦૨૪ ધી નેગો.ઈસ્ટ્મેન્ટ એકટ કલમ ૧૩૮ ના કામે આરોપી મેહતાબ મલીક ઉ.વ.પુખ્ત. રહે.એફ–૨૦ ૧ ફલોર સાઈટ ૪ મોહલ્લા બજાર શાહબાદ રોડ બીલારી મોરાદાબાદ ઉતરપ્રદેશ વાળાની જામીન અરજી તળે હુકમ ::–**

...........................................................................................................

આરોપીને વોરંટ અનુસંધાને પકડી રજુ કરેલ છે.

આરોપી તરફે રજૂ કરેલ સદર અરજી તથા અરજી તળે ફરીયાદીના વકીલશ્રી કરેલ શેરો તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. ઉભયપક્ષે વિ.વકીલશ્રીને સાંભળ્યા.આરોપી તરફે વિ.વકીલશ્રી એ.જે.ખુમાણ નાઓને સાંભળ્યા.

સદર કામમાં આરોપી/અરજદાર તરફે વિ.વ.શ્રી એ.જે.ખુમાણનાએ એવી દલીલ કરેલ છે કે, હાલના કામમાં આરોપી સ્ત્રી વર્ગનાં છે. આરોપી એફ–૨૦ ૧ ફલોર સાઈટ ૪ મોહલ્લા બજાર શાહબાદ રોડ બીલારી મોરાદાબાદ ઉતરપ્રદેશના કાયમી રહેવાશી છે. આરોપી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. સદર કામમાં આક્ષેપાયેલ ગુનામાં બે વર્ષની સજાની જોગવાઈ છે સદર ગુનો જે.એમ.એફ.સી. બાય ટ્રાયબલ છે. આરોપી કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર છે. આરોપીને યોગ્ય રકમના ઉપર જામીન મુકત કરવા વિનંતી છે.

સદર અરજીને પડકારતા ફરીયાદીના વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે,આરોપી સામે ધી નેગો.ઈસ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો દાખલ થયેલ છે.આરોપી પરપ્રાંતના છે અને આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તે ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી અને ટ્રાયલ લંબાશે તેવી શકયતા છે. તે સંજોગોમાં જામીન મુકત કરવા સામે સખત વાંધો છે.

આરોપી તર્ફે રજૂ થયેલ સદર અરજીના કારણો, આરોપી સામે આક્ષેપાયેલ ગુનો, ગુનાની ગંભીરતા, આક્ષેપાયેલ ગુનામાં સજાનું પ્રમાણ, આરોપી સ્ત્રી વર્ગનાં હોય ,આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શકયતા,તેમજ જામીનના તબકકે ધ્યાને લેવાની હકીકતો બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે જામીનના નિર્ણયના તબકકે ધ્યાને લેવા ની બાબતે આપેલ માર્ગદર્શક સિધ્ધાંત ધ્યાને લેતાં સદર અરજી તળે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીએ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) રોકડ રકમ જામીનગીરી તરીકે ભર્યેથી નીચેની શરતોને આધીન આરોપીને જામીન ઉપર મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

શરતોઃ–

(૧) આરોપીએ દર મુદતે હાજર રહેવુ.

(૨) આરોપીએ પોતાનું હાલનું તથા કાયમી સરનામું મોબાઈલ નંબર સાથે રજુ કરવુ.

આ હુકમ આજ તા. ૦૯ જી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : મોરબી

બી.વી.સંચાણીયા
ચીફ. જયુડી. મેજી.મોરબી.
જીજે ૦૦૭૪૫.